# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

દર ચૂંટણીમાં કોમવાદી બાબરી ધૂણે છે,
ને ચૂંટાયા પછી રામમંદિર જાય ખૂણે છે,
સૂણે છે કોણ, સત્તા મળ્યા પછી મતદારોને -
લડાવી મારે ભાઇઓ, જાતિ-સંબંધો દૂણે છે..

## હાઇકુ

ફૂંફાળા પછી,
સાપને ઘેર સાપ -
ચાટે છે જીભ..
(કોણ ગુરૂ, કોણ ચેલો?!)

માનવતા ને
લાચાર સંહિતાની
છે બોટી બોટી...
(લોકશાહીના ટૂકડે ટૂકડે)

## ચિંતન

*અંગીકૃતં સુકૃતિનઃ પરિપાલયન્તિ ।*

'ન્યાયી-કર્તવ્યનિષ્ઠ-વિદ્વાન લોકો-પોતે જે કામ-ફરજ-કર્તવ્યનો સ્વીકાર કરે છે તેનું ચૂસ્ત પણે પાલન કરે જ છે. પ્રાણના ભોગે પણ ઉત્તર દાયિત્વ નિભાવે જ છે.'

આજના વિદ્યાર્થી-પુત્રથી કરી કોઇ પણ ક્ષેત્રનો કર્મચારી, સ્ત્રીઓ, પત્નીથી કરી કોઇ પણ કામવાળી બાઇ, ટૂંકમાં આજની તમામ પેઢીમાં આળશ-આરામ, પોતાના કામ-ફરજમાંથી સરકી જવાની વૃત્તિ-જવાબદારીનો ફગોડીયો કરવાની વૃત્તિ ઘર કરી ગઇ છે. પોતાનું કામ વેઠથી, બેકાળજી અને બેદરકારી પૂર્વક, જેમ તેમ પુરૂં કરી દઇ-ફેંકવાની અને જલદી આરામથી નવરા થઇ બેસવાની વૃત્તિ જ આમાં કામ કરતી હોય છે.

ખરેખર તો પોતાને મળેલું, સ્વીકારેલું ફરજનું કર્તવ્ય-ધર્મ-સેવા સમજી એક આદર્શ દૃષ્ટાંત પૂરવાર થાય એવી રીતે 'ઉત્તમ' થાય એ રીતે કરવું જોઇએ. ન્યાયી-કર્તવ્ય નિષ્ઠ-વિદ્વાન-સમજુ-ડાહ્યો-બુદ્ધિમાન વ્યક્તિ જે કાર્ય હાથમાં લે છે તે 'નંબર વન' થાય એવા હૃદયપૂર્વકના પ્રયત્નથી જ પૂરૂં કરવા મથે છે એમાં અડચણ આવે તો પ્રાણના ભોગે પણ, પીછેહઠ કરતા નથી.

## સુવિચાર

- આપણી અંદર ઇશ્વરની ઉપસ્થિતિ એજ વિશ્વાસ છે - *સંત રોબિન*
- માનવીમાં લક્ષ્મી અને વિવેક બંને ભાગ્યે જ સાથે જોવા મળે છે - *સરદાર પટેલ*
- ચોપડીઓ મગજમાં યાદ રાખવી એ વિદ્યા નથી, એ ચોપડીઓના જ્ઞાનને મગજમાં ઉતારવું અને જીવન વ્યવહારમાં ઉપયોગમાં લેવું તે સાચી વિદ્યા છે - *એસ. ભટ્ટાચાર્ય*
- સ્ત્રીની આંખોમાં કાનૂન કરતાં પણ વધારે શક્તિ હોય છે, તેનાં આંસુ કોઇ પણ તર્ક કરતાં પ્રભાવશાળી હોય છે - *શોભા ડે*
- સેવાનો આધાર પૈસો નથી, પરંતુ કરૂણાસભર હૃદય અને ઇચ્છા છે - *મોરારિ બાપુ*
- કર્મના સ્વરૂપનો વિચાર કરવાથી નમ્રતા આવે છે અને ધર્મનો વિચાર કરવાથી નિર્ભયતા આવે છે - *ઇશોપનિષદ*
- જે ગરીબો ઉપર દયા કરે છે તે પોતાના કૃત્યોથી ઇશ્વરને ઋણી બનાવે છે - *ધર્મસૂત્ર*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

કેટલાક લોકો હકારાત્મક વિચારશ્રેણીના હોય છે પોતે પોતાનાં દુખ, દર્દ કે દેવામાં ડૂબેલાં હોવા છતાં બીજાને આનંદ આપી હસતાં રાખવાનું ચૂકતા નથી.

એ હોસ્પિટલના વોર્ડમાં બે દર્દી હતા. એકની નજર તદ્દન ચાલી જવાની તૈયારીમાં હતી કંઇ દેખાતું નહીં પણ થોડા ઝાંખા પ્રકાશમાં પોતાની દૈનિક ક્રિયા કરી લેતો. તેની સારવાર ચાલતી હતી. તેની પથારી બારી પાસે જ હતી. તે અવારનવાર બારી પાસે ઊભો રહેતો હતો.

બાજુની પથારીમાં અતિ અશક્ત ટીબીનો દર્દી હતો તે નર્સની સહાયથી જ બધી પ્રવૃત્તિ-ઉઠબેસ કરતો. ફૂરસદના સમયે અશક્ય દર્દી પેલાને પૂછતો તું દરરોજ બારી બહાર જોયા કરે છે. તો તું શું જુએ છે?

પેલો કહેતો 'સુંદર સરોવર છે અંદર કમળ ખીલ્યાં છે.'ક્યારેક સૂર્યાસ્તનું, સંધ્યાનું કે પસાર થતા વરઘોડાનું પણ વર્ણન કરતો...

એક રાત્રે એ ઉંઘમાં અવશાન પામ્યો.

...પછી અશક્ત દર્દીએ નર્સને વિનંતી કરી એ બારી પાસેના પલંગ પર સીફ્ટ થયો અને સંધ્યાકાળે એણે નર્સને બોલાવી કહ્યું મને બારી પાસે લઇ જા...

દર્દીએ જોયું તો બારી બહાર તો કોઇ મોટાં મકાનની તોતિંગ પછીતની ભીંત જ હતી. દર્દી કહ્યું પણ પેલો તો મને રોજ નયનરમ્ય વર્ણનો કરી આનંદ આપતો હતો!

નર્સ કહે, એ તો જાતે લગભગ અંધ હતો પણ તને આનંદમાં રાખવા માટે જ એવાં વર્ણન કરતો હતો...

Email - sureshchandrabhatt18@gmail.com

# સ્ત્રી અને પુરૂષ મળે પછી તેમની વચ્ચે જો કોઈ પવિત્ર સંબંધ કે જે ખરેખર પ્યોર કહી શકાય તેવો હોય તો... પછી બીજા બટક બોલાઓની પરવા કરવાની જરૂર નથી... પરંતુ ખાંડાની ધાર પર ચાલવા જેવી આ વાત સાબિત કરવામાં બંનેની જવાબદારી ઓર વધી જાય છે...

## We are just friend

### વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

કુછ કુછ હોતા હૈ, દિલ તો પાગલ હૈ, મુઝસે દોસ્તી કરોગે... આ બધા અને આ ઉપરાંત ઘણા બધા પિક્ચરોની લાઇન છે... શેની લાઇન છે? શું કોમન છે આ બધામાં એ જાણો છો? Friendship, દોસ્તી. તમે બધા એકી અવાજે કહેશો! હાસ્તો! વળી આમા નવું શું છે?

દોસ્તો આ 'દિલ ચાહતા હૈ' કે 'ઝીંદગી ના મિલેગી દોબારા' જેવી દોસ્તીની વાત નથી... હજી સમજ ન પડી. અરે... યાર! કુછ કુછ હોતા હૈ... ટાઇપની ફ્રેન્ડશીપ એક છોકરા અને એક છોકરી વચ્ચે હોય છે...

અને દિલ ચાહતા હૈ માં પુરૂષો છોકરાઓ વચ્ચે દોસ્તીની વાત છે...

બસ! તો મુદ્દો એ છે કે - "એક લડકા ઔર લડકી કભી દોસ્ત નહીં બન સકતે..." યાદ છે આ ડાયલોગ M.P.K (મૈંને પ્યાર કિયા) નો છે...

પુરૂષ અને સ્ત્રી વચ્ચે પ્યોર/શુદ્ધ મિત્રતા સંભવી શકે ખરી! બે વિજાતીય આયામ ભેગા થાય ત્યારે ફક્ત મિત્રતા સુધી જ વાત સીમિત રહી શકે ખરી!

તમને લાગશે કે આ ૨૧મી સદીમાં આટલા ફોરવર્ડ જમાનામાં જ્યાં હવે લીવ ઇન રિલેશન વધવા લાગ્યા છે ત્યારે આ કેવી રેટ્રો ટાઇપ વાતો કરૂં છું... Yes, Your are right.

આજે આવી જરી-પુરાણા જમાના જેવી લાગતી વાત કરવાનું કારણ છે...

જે બોલીવુડની ફિલ્મોમાં કાજોલ-શાહહુખની કે કરિશ્મા-શાહરૂખની અથવા રિતીક-રાની-કરીનાની મિત્રતા દેખાડવામાં આવી છે... તે મિત્રતા જાય છે કઇ બાજુ... પ્રેમ તરફ... એક તરફી પરિણયમાં મિત્રતા પલટી ખાય છે...

કહેવામાં અને સાંભળવામાં ખૂબ ફિલોસોફીકલ અને શાણી લાગતી પ્લેટોનિક મિત્રતાની વાત પ્રેક્ટિકલી ૮૦% જગ્યાએ સંભવી શકી નથી... અને માટે જ આપણે છાશવારે ન્યૂઝપેપરમાં કે ટી.વી. ન્યૂઝમાં જોઇએ છીએ કે, Facebook Friend એ યુવતીનો લાભ લઇને છેડતી કરી, ગ્રુપમાં ફ્રેન્ડ્સ યુવતીને ફોસલાવીને એકાંત જગ્યાએ લઇ ગયા અને દુષ્કર્મ આચર્યું...



પુરૂષ અને સ્ત્રી મળે ત્યારે Longtime Friendship પ્રેમમાં પરિણમે છે... જો બંનેના મન સાફ હોય બંને મેચ્યોર હોય તો પ્રેમમાં પરિણમે અન્યક્ષા વાસના અથવા એકતરફી પ્રેમમાં પરિણમે છે.

ધરમનો ભાઇ અને ધરમની બહેન વાળી થિયરી પણ કોઇ લોજીક વાળી વાત લાગતી નથી... No doubt આ ભદું ૧૦૦% કેસમાં એવું નથી કે ન જ સંભવી શકે... પરંતુ Success Ratio ઘણો સારો છે તેવું પણ નથી...

પ્રેમ હોય તો પણ દોસ્ત દોસ્ત કહીને કાં તો પ્રેમ પ્રદર્શિત કરવાની ડરતા રહેવાનું અથવા તો સામેનું યાત્રના 'ના'ની ચિંતા અથવા 'ડર' ના કારણે દોસ્તીનું ગાજર લટકાવીને ફરવાનું અને મેળ ન પડે તો 'હમ તો સિર્ફ અચ્છે દોસ્ત હૈ' વાળો સનાનત ડાયલોગ બોલીને નૌ દો ગ્યારહ થઇ જવાનું.

અહીં વાત દંભની છે, દંભી માનસિકતા સાથે જે ઢોંગ ચાલ્યો આવે છે, તેની જે કુરૂપતા પછી સામે આવે છે, તે આઘાતજનક છે.

અરે સગાભાઇ બહેન ઘરમાં ઝઘડતા ફરતા હોય અને બહાર ધરમના ભાઇ અને બહેન બનાવતા ફરે... Grow up Yaro...

રખેને માનતા કે આ કોઇ તકીયાનુસી વિચારો છે... ખરેખર તો આપણે દંભીપણાની હદ વટાવી દઇએ છીએ...

"ચાન્સ મીલે તો હાથમેં પહના દો ગહના
વરના બિન્દાસ બોલ દો તુમ તો હો બહના"
મૌકા મીલે તો સૈયા, વરના ભૈયાયા...

Be Brave યાર! કોઇને મળ્યા અને તમને ગમે, દિલના તાર ઝણઝણે તો હિંમત કરીને જણાવી દેવું... પણ Just Friendનું ગાણું ગાયે રાખીને મનમાં બીજા જ ગરબા રમે રાખવામાં મજા નથી.

વાસ્તવિકતા એ છે કે જે પ્રકારનો સર્વે ડેટા મળે છે, તે મુજબ ફ્રેન્ડ-ફ્રેન્ડના ગાણા ગાઇને ઘણી બધી છોકરીઓ સાથે અઘટીત કૃત્ય થયું છે.

છોકરો-છોકરી મળે એટલે તેમના વચ્ચે કોઇ ચક્કર જ હશે એવું જરૂરી નથી... આપણા સમાજમાં આવા નમૂનાઓ કે જેઓ ટ્રેન ચૂકી ગયા છે, તેઓ વળી દ્રાક્ષ ઘાટી છે વાળી થિયરી પ્રમાણે... પોતે એ લ્હાવાથી વંચિત રહી ગયા છે, એટલે બીજાને વગોવવાનું લાયસન્સ મેળવી લે છે... અને પછી અફવાનું બજાર ગરમ.

સ્ત્રી અને પુરૂષ મળે પછી તેમની વચ્ચે જો કોઇ પવિત્ર સંબંધ કે જે ખરેખર પ્યોર કહી શકાય તેવો હોય તો... પછી બીજા બટક બોલાઓની પરવા કરવાની જરૂર નથી... પરંતુ ખાંડાની ધાર પર ચાલવા જેવી આ વાત સાબિત કરવામાં બંનેની જવાબદારી ઓર વધી જાય છે...

પરંતુ આમ જોવા જઇએ તો બે મેચ્યોર અને સાફદિલ Oppositr Character મળે અને તેઓ બંને પોતાના Vision માં ક્લીયર હોય તો કોઇ વાંધો નથી આવતો...

પરંતુ અહીં ટીન-એજમાં અને યુવાનીની મુગ્ધાવસ્થામાં JUST FRIEND વાળી વાત આવે ત્યારે એ તાપણામાંથી ધૂમાડો વધુ નીકળતો હોય છે...

# જીવનની યાત્રામાં અનેક વળાંકો આવતા રહે છે, દૃશ્યો બદલાતાં રહે છે, ક્યાંક ઉજ્જડ મરુભૂમિ છે તો ક્યાંક લીલીછમ હરિયાળી, બધા જ દૃશ્યોને જોતાં સમાન મનઃસ્થિતિ રહે તે સમ્યક્ભાવ

## જીવન હૈ તો સંઘર્ષ હૈ

### અક્ષયપાત્ર

- બકુલ દવે

મુસીબત કા પહાડ કિસી દિન કટ હી જાયેગા,
મુઝે સર માર કર સે મર જાના નહીં આતા.
- યાસ યગાના ચંગેજીજ

(મુસીબત ભલે પહાડ જેવી હોય, છેવટે એક દિવસ એ દૂર થશે જ, પણ મુસીબતને રડતાં રહી, માથું કૂટી મરવાનું મને નથી આવડતું.)

આંટીઘૂંટી વગરનું સરળ જીવવાનું વલણ સૌ કોઇનું હોય છે. દરેક જણ તે માટે પ્રયત્નશીલ હોય છે, તો પણ ક્યારેક તો મુશ્કેલીઓ આવે જ છે. મુશ્કેલી વગરનું - ક્યારેય કોઇ મુસીબત ન ઊભી થાય એવું જીવન માત્ર કોરી કલ્પના છે, વાસ્તવિક નથી. કાંટા વગરનું ગુલાબ સંભવી ન શકે. ગુલાબના સૌંદર્યને પૂર્ણપણે જોવા માટે તેની સાથે કાંટાની ઉપસ્થિતિ સ્વીકારવી પડે. કાંટા છે તેથી ગુલાબનું સૌંદર્ય નીખરી ઊઠે છે. બેયની સહઉપસ્થિતિમાં જ સૌંદર્યનાં ઉત્તમ અને સ-રસ આયામો અને પરિણામ રચાય છે. સુંદર છે તે સુંદરતમ બની રહે છે. યાદ રાખવું ઘટે કે ષડ્રસમાં કડવાશનું ખાસ સ્થાન છે અને સફેદ રંગ છે તો મેઘધનુષ છે.

> **મુસીબતોથી ઘેરાઇ જવાય ત્યારે જીવનની ગતિ પાછી પડતી જણાય છે, પણ વાસ્તવમાં એવું નથી, 'પીછેહઠ' દરમિયાન ભવિષ્યમાં કશું ઉત્તમ લક્ષ્ય સાધનાની પૂર્વભૂમિકા સર્જાઇ રહી હોય એવું પણ બને છે, ચિત્તો ચાર ડગલાં પાછળ હટે છે ત્યારે જ એ લાંબી છલાંગ ભરી શકતો હોય છે**

મુસીબતોથી ઘેરાઇ જવાય ત્યારે જીવનની ગતિ પાછી પડતી જણાય છે, પણ વાસ્તવમાં એવું નથી. 'પીછેહઠ' દરમિયાન ભવિષ્યમાં કશું ઉત્તમ લક્ષ્ય સાધનાની પૂર્વભૂમિકા સર્જાઇ રહી હોય એવું પણ બને છે. ચિત્તો ચાર ડગલાં પાછળ હટે છે ત્યારે જ એ લાંબી છલાંગ ભરી શકતો હોય છે.

મુસીબત એ સંઘર્ષની જનની છે. સંઘર્ષ પથ્થર જેવો હોય છે. એ માણસને તોડી શકે અને ઘડી પણ શકે. સંઘર્ષથી વ્યક્તિત્વની ધાર નીકળતી હોય છે. ઘર્ષણથી ધાર નીકળતી જાય ત્યારે તણખા ઊડે તે સહજ છે, લાજમી છે. ધાર વગરનું - બુઠ્ઠું વ્યક્તિત્વ માણસને, છેક એ મૃત્યુ પામે ત્યાં સુધી અસલી જીવન શું છે તેની જાણ થવા દેતું નથી. એ ફિતરતમાં મુસીબત સામે શરણાગતિ સ્વીકારી ગુમનામીના અંધકારમાં એ ખોવાઇ જતો હોય છે.

મુસીબતનો પ્રતિકાર કરનારા જાણેઅજાણે જિંદગીના અર્થને - જીવનના મર્મને આત્મસાત્ કરતા રહી પોતાના વ્યક્તિત્વને વિકસાવતા રહે છે. આત્માને પરિમાર્જિત કરતા રહે છે. મુશ્કેલીઓને અનુલક્ષીને એમની જીવવાની તરાહમાં પરિવર્તન આવતું રહે છે. આ પ્રક્રિયા એમના વ્યક્તિત્વ પર પહેલ પાડે છે ને એ હીરાની જેમ ઝળકી ઊઠે છે. એમનું મૂલ્ય પણ અનેકગણું થઇ જાય છે. મુસીબત - જે શાપરૂપ જણાતી હતી તે - વરદાન બની જાય છે.

મુસીબતની છટકી જવાનાં છીંડાં શોધવા, પલાયનવૃત્તિ જાગવી એ ભીરૂતા છે. અંધકારમય પરિસ્થિતિમાં અજવાળાનું ચિંતન ચાલતું રહે, "તસમો મામ જ્યોતિર્ગમય" મંત્રનું રટણ ચાલતું રહે તે સમજણ બક્ષે છે કે અંધકાર દૂર થશે, તકલીફો પણ કાયમી નથી. ઘણુંખરૂં ઇશ્વર પાસે સૌની માગણી હોય છે કે પોતાના જીવનમાં મુસીબત ન આવે, મુશ્કેલીનો સામનો ન કરવો પડે. આ કેટલું વાજબી છે? મુસીબતો આવે તો જ જીવતાં આવડે છે કે નહીં તેની પરીક્ષા થતી હોય છે ને જીવનમાં સમ્યક્ભાવ કેળવાય છે.

જીવનની યાત્રામાં અનેક વળાંકો આવતા રહે છે, દૃશ્યો બદલાતાં રહે છે. ક્યાંક ઉજ્જડ મરૂભૂમિ છે તો ક્યાંક લીલીછમ હરિયાળી. બધા જ દૃશ્યોને જોતાં સમાન મનઃસ્થિતિ રહે તે સમ્યક્ભાવ.

રવીન્દ્રનાથે એમની એક કવિતામાં ઇશ્વરને પ્રાર્થના કરતાં કહ્યું છે કે તું મને મુસીબતો આપ, પણ તે મુસીબતો સાથે તેને સહન કરવાની શક્તિ પણ આપ. હરિવંશસિંહ અખ્તરનો એક શેર છે :

'મુસીબતો મેં ન હાર હિંમત,
નજર મેં રખ યે ઉસુલે-ફિતરત,
જો બાદે-શબ એક સહર ભી હોગી તો બાદે -
ગમ ઇક ખુશી ભી મિલેગી.'

# સંસ્કાર, ધર્મ અને માનવસેવાના હિમાયતી : ઘનશ્યામભાઈ ભરાડ

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

"માણસને જે કંઇ મળે છે, તે વિચારોમાંથી નહીં,
પણ વિચારોના અમલથી"

આવા પ્રેરક વિચારોનાં બીજ સંતાનોમાં રોપનાર પિતાનું નામ છે : હરિશંકરભાઇ ભરાડ. પાંચાળ પ્રદેશની એક આગવી ભૂમિકા છે. રાજકોટ જિલ્લાના જસદણ ગામે તા. ૦૩-૦૧-૧૯૪૯ ના શુભદિને જન્મેલા ઘનશ્યામભાઇ હરિશંકરભાઇ ભરાડના પરિચયને રજૂ કરવાની કડી બન્યા છે ઉત્તમ વાચક, સ્નેહાળ મિત્ર પ્રમોદભાઇ મહેતા.

પિતાશ્રી હરિશંકરભાઇ અને માતા શાંતાબહેનના સંસ્કાર, ધર્મ અને માનવ સેવાનાં પગલે જીવન જીવી રહેલા ઘનશ્યામભાઇ મેટ્રિક સુધી ભણ્યા છે. વ્યાપાર તથા ખેતી સાથે જોડાયેલા તેઓ સુશ્રી સુશીલાબેન સાથે લગ્નગ્રંથિથી બંધાયા. ઘનશ્યામભાઇ કોમ્પ્યુટર યુગને ખૂબ ખુબ મહત્ત્વ આપે છે. આધ્યાત્મિક ગ્રંથોનું વાંચન કરતા તેઓ ડિસ્કવરી અને નેચરલ જોગ્રાફી ટીવી સિરીયલ જોવામાં આનંદ અનુભવે છે. ક્રિકેટ એમની પ્રિય રમત છે. ઉપવાસ, વ્રત કરવાને બદલે ગૌસેવાને મહત્ત્વ આપે છે.



ઓછું આપી વધુ લે તે દાનવ,
સરખું આપી સરખું લે તે દેવ,
વધુ આપી ઓછું લે તે માનવ.

ઘનશ્યામભાઇ જન્મે બ્રાહ્મણ હોવાથી ધાર્મિકભાવ ઉમેરી પૂજાપાઠ કરે છે. પ્રભુ દર્શન અર્થે ધર્મયાત્રાઓ ઘણી કરી છે. જસદણ મારૂતિધામ ગૌશાળાના તેઓ મુખ્ય ટ્રસ્ટી છે. છેતાલીસ વર્ષથી ગૌરક્ષા કરતા તેઓના જીવનના યાદગાર અને હૃદયસ્પર્શી પ્રસંગો જોઇએ તો...

પ્રથમ પ્રસંગ એવો છે : હરિશંકરભાઇ ભરાડની સંસ્કારિતા સભરની જીવનશૈલીમાં ગૌસેવા અગ્રેસર હતી. જે વસિયતને આધારે ગૌસેવા કાજે જ પોતાની બચત વપરાય તેવી વસિયતમાં સ્પષ્ટ કરેલી તે પ્રમાણે ઘનશ્યામભાઇએ સ્વ. પિતાનાં અવસાન બાદ સને ૧૯૯૭માં મારૂતિધામ ગૌશાળા સ્થાપી પિતૃ - તર્પણ કર્યું છે.

બીજો પ્રસંગ જોઇએ તો વર્ષો પહેલાં જસદણની ભાદર નદીમાં બે કાંઠે ઘોડાપુર આવેલું. જેમાં ઉપરથી એક ગાય તણાતી આવતી હતી ગાયને બચાવવા માટે ત્વરિત નિર્ણય કરી હાથવગા સાધન રાંઢવાને પેટ સાથે બાંધી પૂરના પાણીમાં જંપલાવી ગાયમાતાને બાથમાં લઇ બચાવી લીધેલી. એ સમયના મામલતદારશ્રીએ રૂા. ૧૦૧/- નું ઇનામ આપ્યું હતું.

ઘનશ્યામભાઇએ જીવનકાળ દરમિયાન કતલખાને લઇ જવાતા ૨૧૩૭૨ મૂંગા પશુઓ બચાવ્યા છે. પશુઓને બચાવવા જવાના કામના પારિતોષિકરૂપે ૨૯૫ એફ.આઇ.આર.નો સામનો કરવા સાથે ૨૬ વખત જેલવાસ કરેલ છે અને અસામાજિક તત્ત્વોની મર્દાનગી સભર લડત આપેલી છે.

નિઃસ્પૃહી ઘનશ્યામભાઇને આપણે પણ બિરદાવીએ.

ગુરૂ એટલે જ ઇશ્વર દેવ અને દેવી એને આધારે આપણે જીવીએ છીએ. ગૌશાળામાં પ્રભુ આપે તે અને અપાવો તે થાય છે. સાડત્રીસ વાર રક્તદાન કર્યું છે.

ગૌસેવા અને ગૌવંશ બચાવવાના અભિયાનની ફલશ્રુતિ રૂપે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે શાલ ઓઢાણી સન્માન કરવામાં આવ્યું હતું.

દેશ પ્રત્યે સ્વાભિમાન ધરાવનાર, સંસ્કૃતિનું રક્ષણ કરવા માટે, ચીમનભાઇ શુક્લ અને જસદણના જવામર્દ સ્વ. ભાસ્કરભાઇ થડેશ્વર જેવા વ્યક્તિઓ સાથે ગામડાઓ ખૂંદી રા. સ્વયંસેવક (ઇ.જી.જી.) ની કામગીરી. ઘનશ્યામભાઇના નાનાભાઇ વિષ્ણુભાઇ ભરાડ પણ રાજકોટ ખાતે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટના ગૌસેવા અર્થે સક્રિય સેવા આપી રહ્યા છે.

ઘનશ્યામભાઇ ગુપ્તદાન જાહેર કરવા માંગતા નથી. ઘરનાં પ્રાંગણમાં શિવાલય બનાવેલ છે. આસ્થા સાથે ભક્તિ ભાવ પ્રગટ કરે છે. જાહેર સમાજમાં જાણીતા અજાણ્યા પરિવારની આર્થિક, સામાજિક તકલીફ ઉકેલવા સતત પ્રયત્નશીલ રહે છે. ઘનશ્યામભાઇના દરેક કાર્યમાં તેમને ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેનને હકારાત્મક અભિગમ રાખી હંમેશા સાથે રહે છે. મારૂતિધામ ગૌશાળા જસદણથી ૭ કિ.મી. વિછીયા રોડ ઉપર આવેલી છે. આજીવન ટ્રસ્ટી છાશીયા બાપુનો ભક્તિભાવ જોડાયેલો છે. તા. ૧-૯-૨૦૧૩ના રોડ એડિસન, ન્યુજર્સી - અમેરિકા ખાતે ઘનશ્યામભાઇને આઉટ સ્ટેન્ડીંગ કોન્ટ્રીબ્યુશન અને ડેડીડેટેક સર્વિસ માટે ગ્લોબલ ગુજરાતી કોન્ફરન્સમાં ગ્લોબલ એવોર્ડ ૨૦૧૩થી સન્માનિત કરવામાં આવ્યા છે.

'મોંઘેરા મોતી' વિભાગમાં પ્રગટ થતા પરિચયો વાંચી જેમનો પરિચય છપાયો હોય તેમને ફોન કરવા અને પરિચયની ઝેરોક્ષ મોકલવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. પ્રમોદ મહેતા ) લેન્ડ રેકર્ડ અધિકારી, ભાવનગર પહેલાં ગાંધીનગર ફરજ બજાવતા હતા) જાતે ઘસાઇને અન્યને ઉજળા કરવાનો આ આત્મસંતોષ અનન્ય હોય છે.

ઘનશ્યામભાઇના વ્યક્તિત્વને અભિનંદન સાથે ભેટ ધરૂં છું સ્વામી વિવેકાનંદનાં શબ્દો...

"યાદ રાખશો કે મૃત્યુ પછી પણ જે આપણી સાથે આવે છે, તે એક માત્ર મહાન મિત્ર આપણાં સત્કર્મો છે."

મારૂતિધામ ગૌશાળા, જસદણ પાસે, જિ. રાજકોટ
મો. ૯૪૨૬૯૨૯૬૯૩, ૮૨૩૮૪૯૧૨૬૧